હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ભાગો અહીથી, હવે ગોટા, ચવાણા, ચ્હા બંધ છે... સાહેબ પદગ્રહણ પછી તમને બહાર બાંકડા મુકાવી દેશે... ત્યારે આવજો...

સેક્ટર-૨માં સુંદરકાંડના પાઠ યોજાયા

સે-૨-એમાં સ્વ. મહેન્દ્રભાઈ ચંદુલાલ મહેતાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાયા હતા.

અમિયાપુર નર્મદા કેનાલમાંથી વૃદ્ધનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા અમિયાપુર ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી એક વૃધ્ધનો મૃતદેહ મળી આવ્યો છે. મંગળવારના રોજ સાંજના સુમારે મૃતદેહ તરતો હોવાની જાણ થતા જમાદાર અરવિંદભાઈ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પોલીસે વૃધ્ધનો મૃતદેહ કેનાલમાંથી બહાર કઢાવી પીએમઅર્થે મોકલી આપ્યો હતો.કેનાલ પાસેથી એક બિનવારસી મોપેડ પણ મળી આવ્યું હતું. જેમા મળેલા મોબાઈલના આધારે પોલીસે પરિવારનો સંપર્ક કર્યો હતો. બાપુનગર ઈન્ડીયા કોલોની ખાતે રહેતા કાંતિલાલ ચુનીલાલ પંડ્યા હોવાનું સામે આવ્યું હતું.

બે દિવસમાં ગરમીનો પારો ૪૫ ડિગ્રી પહોંચી જશે : અંબારામ

તા. ૨૭ થી ૨૯ એપ્રિલમાં સખત ગરમી પડી શકે છે
તા. ૧ થી ૩ મે દરમિયાન પવન ફૂંકાવાની સંભાવના

કમોસમી વરસાદ પછી ગરમીનું પ્રમાણ ઘટવામાં હતુ અને હાલના દિવસોમાં ગરમીનો પારો ઉંચે જઈ રહ્યો છે. ત્યારે હવામાન શાસ્ત્રીઓ જણાવી રહ્યા છે કે ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં ૨૭ થી ૨૯ એપ્રિલમાં સખત ગરમી પડી શકે છે. આ ઉપરાંત કોઈ કોઈ ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાનનો પારો ૪૫ ડીગ્રી સુધી પહોંચી જવાની સંભાવના છે. તા. ૧ થી ૩ મે દરમિયાન પવન ફૂંકાવાની સાથે તા. ૧૧મી મેથી ગરમી વધવાની સંભાવના છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ પટેલના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં સખત ગરમી પડશે. ગ્રહોના દહન નાડી નક્ષત્રના યોગથી પણ ગરમી પડી શકે. ઉત્તર સૌરાષ્ટ્ર તથા અમરેલી, જૂનાગઢના ભાગો, ગુજરાતના મધ્ય ભાગો, અમદાવાદ, વડોદરાના ભાગોમાં આવનાર દિવસોમાં ગરમીનો પારો ઉંચે જવાની શક્યતા છે. આ અરસામાં દક્ષિણ પૂર્વીય તટ ઉપર ચક્રવાત ઉભો થવાની પણ શક્યતા છે. તેમના જણાવ્યા મુજબ આ ચક્રવાતો તથા દેશના દક્ષિણ ભાગમાં બંગાળના ઉપસાગરના પવનો અને અરબી સમુદ્રોના પવનોની મિશ્ર ગતિવિધી થવી જરૂરી છે. જે ચોમાસાની નિયમીત ગતિવિધિને પૃષ્ઠ કરે છે. ચક્રવાતની અસર દક્ષિણ પૂર્વીય તટ પર થશે અને ભારે પવનો સાથે ગાજવીજ પણ થઈ શકે છે. કર્ણાટક વિદર્ભના ભાગોમાં ગરમી સાથે તટ ભાગોમાં પણ ચક્રવાતી પવનોની અસર રહેશે. આગામી મે મહિનાની તા. ૧ થી ૩ માં પવન ફૂંકાશે તથા ૧૧મી મે થી ગરમી વધવાની સાથે આવનાર દિવસોમાં ધીરે ધીરે બપોર પછીના ભાગોમાં આંધી-વંટોળનુ જોર રહેશે.

પ્રતિક મોલના મીટર બોક્સમાં આગ લાગતા દોડધામ

ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઓવરલોડને કારણે ગાંધીનર નજીક આવેલા પ્રતિક મોલના મીટર બોક્ષમાં આગ ભભુકી ઉઠી હતી. બનાવની જાણ થતા ગાંધીનગર ફાયર બ્રિગેડનો સ્ટાફ દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે આગ લાગતા વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી.

પૌરાણિક કલાત્મક અંબાપુરની વાવને ૩૦ યુવાનોએ ગંદકીથી મુક્ત કરી

ગાંધીનગર, તા. ૨૪

કોણ કહે છે કે આજના યુવાનોને આપણી સાંસ્કૃતિક વિરાસતમાં રસ નથી ? કોણ કહે છે આજના યુવાનો આપણા ઐતિહાસિક વારસા પ્રત્યે ઉદાસીનતા ધરાવે છે ? ખરૂ પુછો તો આજના યુવાનોને આપણી સાંસ્કૃતિક અને ઐતિહાસિક ધરોહરની જેટલી ચિંતા છે તેટલી અગાઉની પેઢીમાં નથી. આ વાતની પ્રતિતિ ત્યારે થઈ છે જ્યારે શહેરના ૩૦ જેટલાં યુવાનોએ મળીને ગાંધીનગરના પાદરે હોવા છતાં ભુલાઈ ગયેલી ''અંબાપુર વાવ'' જે હેરિટેજ સ્થળ હોવા છતાં તંત્ર દ્વારા ઉપેક્ષિત રહેવા પામી હતી તેની સફાઈ હાથ ધરી આ ધરોહરનું જતન કરવાની પહેલ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા જ સમય પહેલા આવા જ એક જાગૃત યુવાનોના ગૃપ દ્વારા ઉવારસદની વાવને સ્વચ્છ કરવામાં આવી હતી.

ગત રવિવારે ૩૦ યુવાનોના એક ગૃપ દ્વારા ગાંધીનગર પાસેના અંબાપુર ગામે પાંચ માળની પૌરાણિક કલાત્મક વાવની ગંદકીથી મુક્ત કરાવાનું બીડું ઝડપ્યું હતું. સોશ્યલ મિડીયા થકી એકબીજા સાથે જોડાયેલા આ યુવાનો જેમાં યુવતિઓનો પણ નોંધપાત્ર સંખ્યામાં સમાવેશ થાય છે. તેમણે રવિવારે ઝાડુ, ડોલ, સાવરણા સહિતના વિવિધ સફાઈના સાધનો સાથે અંબાપુર વાવ ખાતે જાણે હલ્લાબોલ કર્યુ હતુ અને કલાકો સુધી પરિશ્રમ કરીને સમગ્ર પાંચ માળની વાવને ચોખ્ખીચણક કરી દેતા અંબાપુર ગામના ગ્રામજનો પણ અવાચક થવા સાથે યુવાનો પર ઓવારી ગયા હતા. વાવની સફાઈ કર્યા બાદ યુવાનોએ વાવની ફોટોગ્રાફી પણ કરી હતી અને પોતપોતાના સેલ્ફી લેવાનો આનંદ માણતા થાક ઉતાર્યો હતો અને સોશ્યલ મિડીયા પર તસવીરો-વિડીયો અપલોડ કરી ભરપૂર પ્રસંશા ચોમેરથી પ્રાપ્ત કરી હતી.

જિલ્લાના ત્રણ હજાર ગરીબ વિદ્યાર્થીઓને ખાનગી શાળાઓમાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ અપાશે

ગાંધીનગર તા ૨૪

આર.ટી.ઈ. અન્વયે ગાંધીનગર શહેરી વિસ્તારની શાળાઓમાં પ્રવેશ આપવા માટે ફોર્મ ભરવાની અને સ્વીકારવાની પ્રક્રીયા આખરી તબક્કામાં છે. જયારે આ યોજના અન્વયે શહેરની ખાનગી તેમજ જિલ્લાની શાળાઓમાં અંદાજિત ૩ હજાર જેટલા વિદ્યાર્થીઓને ધો-૧માં પ્રવેશ આપવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં આવેલી ૪૪ જેટલી ખાનગી સ્કુલોમાં મળીને ૬૯૮ વિદ્યાર્થીઓને આગામી દિવસોમાં ધો-૧માં પ્રવેશ અપાશે આ વિદ્યાર્થીઓને ધો -૮ સુધી નિઃ શુલ્ક શિક્ષણ અપાશે. જે બાળકો તા ૧૯ જુન વર્ષ ૨૦૧૯ના રોજ પાંચ વર્ષ પુર્ણ કર્યા હોય તે બાળક આ આર ટી ઈ યોજના હેઠળ પ્રવેશ અપાશે. આ યોજના અન્વયે અનાથ, સંભાળ સંરક્ષણની જરૂરિયાતવાળા બાળગૃહના મંદબુધ્ધિના, ખાસ જરૂરિયાતવાળા શારિરીક વિકલાંગ, એચ.આઈ.વી. અસરગ્રસ્ત શહીદ થયેલા જવાનોના બાળકો જીરોથી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરીના બી પી એલ કુંટુબના બાળકો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના જે પરિવારની ૧.૨૦ લાખ તેમજ શહેરી વિસ્તારમાં ૧.૫૦ લાખ વાર્ષિક આવક મર્યાદા ધરાવતા અનુસુચિત જાતિ તથા જનજાતિના બાળકો , સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તેમજ વિચરતી વિમુખતી જાતિના બાળકો તેમજ બિન અનામત એટલે કે જનરલ કેટેગરીના બાળકોને અગ્રતા આવકની અગ્રતા તથા વાલીએ પસંદ કરેલી શાળાની અગ્રતા અનુસાર ધ્યાને લઈ પ્રવેશ અપાશે. આ યોજના હેઠળ પ્રવેશ મેળવવા માટે બાળકના વાલીએ વેબસાઈટ પર તા ૨૫ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે ગાંધીનગર વિસ્તારના પ્રવેશ ફોર્મ સ્વીકારવા માટે કુલ ૬ કેન્દ્રો નક્કી કરાયા છે. જેમાં સે -૭ જે એમ ચૌધરી શાળા, સે-૨૨ સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય, સે-૨૩ આર એન પટેલ પ્રાયમરી સ્કુલ બોરીજની સરકારી પ્રાથમિક શાળા સે-૧૬ અને સે -૮ ની સરકારી પ્રાથમિક શાળા ખાતે ફોર્મ સ્વીકારવામાં આવશે. શહેરમાં ૪૪ ખાનગી શાળામાં ધો -૧ માં નબળા અને વંચિત જુથના બાળકોને નિઃ શુલ્ક પ્રવેશ આપવામાં આવશે. જયારે અત્યાર સુધી ૬૯૮ બાળકોને પ્રવેશ આગામી શૈક્ષણિક વર્ષ દરમિયાન આપવામાં આવશે. જયારે બુધવારે પ્રવેશ માટેનો છેલ્લો દિવસ હોવાથી શહેરના કુલ ૮૦૦ થી વધુ ફોર્મ સ્વીકારાયા છે. જયારે ખાનગી શાળાઓમાં થઈને કુલ ૩ હજાર વિદ્યાર્થીઓને ધો-૧માં પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરાશે.

જ્યારે પંડિત નહેરૂએ કહ્યું - આ યુવાન MP એક દિવસ ભારતનો વડાપ્રધાન બનશે, અને બન્યો

ગુજરાતમાં ચૂંટણી પ્રચારની બધી મર્યાદાઓ તૂટી છે. માત્ર ૨૦૧૯ની ચૂંટણીમાં જ ગાળો બોલાય છે તેવું નથી. ૨૦૦૧ પછી આવેલી તમામ ચૂંટણીમાં રાજકીય નેતાઓએ મર્યાદા ઓળંગી છે. દેશમાં વિકાસ થાય તે માટેના મુદ્દાઓ ચૂંટણીમાં ચર્ચાતા નથી. એક બીજા નેતાઓને હલકા ચિતરવાની ગંદી રાજનીતિની આ શરૂઆત છે. ચૂંટણીની જનસભાઓમાં જનતા એકત્ર થતી નથી તેનું આ મોટું કારણ છે. ભારતમાં જ્યારે જ્યારે અટલ બિહારી વાજપેયીની સભાઓ થતી હતી ત્યારે દૂર દૂરથી લોકો તેમને સાંભળવા જતા હતા. કોંગ્રેસના નેતાએ પ્રથમ હરોળમાં બેસવા માટે સભાસ્થળે વહેલા પહોંચી જતા હતા.

અત્યારે રાજનેતાઓમાં મર્યાદા રહી નથી...

આજે શાલિનતા રહી નથી. તમામ પક્ષના નેતાઓ બોલવામાં કોઈ મર્યાદા રાખતા નથી. જનરેશન બદલાઈ ગઈ છે. કુતરા, હરામજાદા, હિટલર, ફેંકુ, પપ્પુ, ગેંડો, ભેંસ, શિયાળ, કાગડો, નીચ, હલકટ, નાલાયક, મૌત કા સૌદાગર, નપુસંક, બુદ્ધિનો બળદ અને કાચિંડા જેવા શબ્દ પ્રયોગો છેલ્લી ત્રણ-ચાર ચૂંટણીમાં સાંભળવા મળ્યાં છે. આપણા રાજકારણનું સ્તર આ લેવલ સુધી પહોંચી ગયું છે છતાં કહેવાય છે મેરા ભારત મહાન. લોકસભાની ચૂંટણીમાં વાજપેયી એ જ્યારે સભાઓ સંબોધી હતી ત્યારે પ્રતિસ્પર્ધીઓ માટે કેવા શબ્દ પ્રયોગ કરતા હતા તે તેમની સભાના આ અંશો પરથી માલૂમ પડે છે. કોઈ હલકો શબ્દ પ્રયોગ તેમના પ્રવચનમાં જોવા મળતો ન હતો.

વાજપેયીના સાંસદ જીવનના અંશો...

૧૯૫૨માં લખનૌમાં પહેલી લોકસભા ચૂંટણી હારી ગયેલા અટલ બિહારી વાજપેયીને જનસંઘે ૧૯૫૭માં ફરીથી ઉમેદવાર બનાવ્યા હતા પરંતુ એ વખતે જનસંઘે સલામત ગેઈમ રમીને તેમને લખનૌ, મથુરા અને બલરામપુરથી ચૂંટણી લડાવી હતી. લખનૌમાં વાજપેયી બીજા ક્રમે રહ્યાં હતા. કોંગ્રેસના પુલિન બિહારી બેનરજીએ તેમને હરાવ્યા હતા. મથુરામાં પણ વાજપેયીને હારનો સામનો કરવો પડ્યો હતો. અપક્ષ ઉમેદવાર રાજા મહેન્દ્ર પ્રતાપે વાજપેયીને ચોથાનંબરે મોકલી દીધા હતા પરંતુ બલરામપુરની બેઠકે વાજપેયીને લોકસભામાં મોકલી દીધા હતા. જો કે વાજપેયીને મળેલા મતની સરસાઈ માત્ર ૯૮૧૨ હતી. પાર્ટીના સ્થાપક શ્યામાપ્રસાદ મુકરજીના નિધન પછી જનસંઘ પાસે કોઈ સારો વક્તા ન હતો. પંડિત દિનદયાલ ઉપાધ્યાયની ઈચ્છા હતી કે વાજપેયી સંસદમાં પહોંચે. તે સમયે વાજપેયી ૩૩ વર્ષના હતા.

સુભદ્રા જોષીએ વાજપેયીને હરાવ્યા હતા...

કિંશુક નાગ એ લખેલા એક પુસ્તક વાજપેયી-- એ મેન ફોર ઓલ સિઝન --માં ઉલ્લેખ છે કે જનસંઘમાં ટિકીટ લેવા કોઈ તૈયાર ન હતું. મોટાભાગના ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થતી હતી. ૧૯૬૨માં લોકસભાની ચૂંટણીમાં વાજપેયી સામે કોંગ્રેસમાં જવાહરલાલ નહેરૂએ સુભદ્રા જોશીને મેદાનમાં ઉતાર્યા હતા. તેણીએ વાજપેયીને ૨૦૫૨ મતોથી હરાવ્યા હતા. વાજપેયી ૧૯૬૨માં રાજ્યસભામાં ગયા હતા પરંતુ ૧૯૬૭માં ચૂંટણી આવતા તેઓ બલરામપુર બેઠક પરથી ઉમેદવાર બન્યા હતા. ફરીવાર તેમની સામે સુભદ્રા જોષી હતા પરંતુ આ વખતે જવાહરલાલ નહેરૂ ન હતા તેથી સુભદ્રા જોષી હારી ગયા હતા. ૧૯૭૧માં વાજપેયી અને સુભદ્રા જોષી બલરામપુરથી ચૂંટણી લડ્યા ન હતા.

વાજપેયી પાંચ વખત લોકસભા હાર્યા છે...

વાજપેયી ૧૯૫૨ થી ૨૦૦૪ સુધી લોકસભાની ચૂંટણી લડ્યા હતા પરંતુ પાંચ વખત હારી ગયા હતા. ૧૯૬૭માં તેઓ ફરી લોકસભા લડ્યા હતા પરંતુ સફળતા મળી ન હતી પરંતુ પેટાચૂંટણીમાં તેઓ જીતી ગયા હતા. ૧૯૭૧માં ગ્વાલિયર બેઠક પરથી ચૂંટાઈને તેઓ સંસદમાં પહોંચ્યા હતા. ઈમરજન્સી પછી ૧૯૭૭માં અને ૧૯૮૦માં થયેલી ચૂંટણી તેઓ નવી દિલ્હીથી લડ્યા હતા અને વિજયી બન્યા હતા. ૧૯૮૪માં ફરીથી તેઓ ગ્વાલિયરથી ઉમેદવાર બન્યા પરંતુ કોંગ્રેસે માધવરાવ સિંધિયાને ઉમેદવાર બનાવી દેતાં વાજપેયી ૧.૭૫ લાખ મતોથી ચૂંટણી હાર્યા હતા.

માધવરાવ અને વાજપેયીનો સંવાદ...

વાજપેયીએ સંસદ પરિસરમાં જ્યારે માધવરાવને કહ્યું કે તમે ગ્વાલિયરથી ચૂંટણી લડવાના છો તો તેમણે ઈન્કાર કર્યો હતો પરંતુ કોંગ્રેસે અચાનક તેમની ઉમેદવારી ગ્વાલિયરથી કરાવી હતી. વાજપેયીને બીજી બેઠક પસંદ કરવાનો મોકો મળ્યો ન હતો અને સિંધિયાથી હારનો સામનો કરવો પડ્યો હતો. ૧૯૯૧માં લખનૌ અને વિદિશા બેઠકથી ચૂંટણી લડી અને બન્ને જગ્યાએથી તેઓ જીત્યા હતા. ૧૯૯૬માં હવાલા કાંડમાં નામ આવતાં અડવાણી ગાંધીનગરથી ચૂંટણી લડ્યા ન હતા. તેમણે વાજપેયી માટે બેઠક ખાલી કરી આપી હતી. વાજપેયી આ સમયે પણ ગાંધીનગર અને લખનૌ એમ બે જગ્યાએથી ચૂંટણી લડ્યા હતા અને બન્ને જગ્યાએ જીત્યા હતા. ૧૯૯૮, ૧૯૯૯ અને ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં લખનૌથી તેઓ સંસદસભ્ય થયા હતા. તેઓ પાંચ વખત લોકસભાની ચૂંટણી હારી ગયા હતા.

૧૯૫૨માં હાર્યા પછી વાજપેયીએ ૧૯૫૭માં ત્રણ જગ્યાએથી ચૂંટણી લડી - પાંચ વખત હાર્યા છે

નહેરૂ નવા સાંસદોનો બોલવાનો મોકો આપતા...

સંસદમાં વાજપેયીની ખાસિયત હતી કે કોઈપણ કાગળ વિના તેઓ કોઈપણ મુદ્દે બોલતા હતા. તેમની સભામાં તમામ વિચારશરણી વાળા લોકો સાંભળવા આવતા હતા. તેમનું વ્યક્તિત્વ એવું હતું કે હારેલી બાજી જીતી લેતા હતા. ચૂંટણી માટે જ્યાં પણ જતા હતા ત્યાં તેમનો સમર્થન ગ્રાફ ભાષણ પછી વધી જતો હતો. ૧૯૫૭માં પહેલીવાર તેઓ સંસદમાં ગયા હતા. તે સમયે જવાહરલાલ નહેરૂ વડાપ્રધાન હતા. તેઓ નવા સાંસદોને બોલવાનો મોકો આપતા હતા અને ધ્યાનથી સાંભળતા હતા. સંસદમાં ગયા પછી વાજપેયી પાસે બે હથિયાર-- મર્યાદા અને આચરણ હતા. આ કારણોથી એવો મોકો નથી આવ્યો કે તેમની વાતોથી કોઈએ વિરોધ કર્યો હોય કે સંસદમાં તોફાન થયું હોય.

તો પછી અમને બોલવા કેમ દેતા નથી...

લોકસભાના પૂર્વ અધ્યક્ષ અનંતશયનમ અયંગારે એક વખત કહ્યું હતું કે લોકસભામાં અંગ્રેજીમાં હીરેન મુખરજી અને હિંદીમાં અટલ બિહારી વાજયેપીથી સારા બીજા કોઈ વક્તા નથી. જ્યારે વાજપેયીના અંગત મિત્ર એવા અપ્પા ઘટાટેએ તેમને આ વાત જણાવી તો વાજપેયી જોરથી હસ્યા અને બોલ્યા, 'તો પછી બોલવા કેમ નથી દેતા.' જોકે, એ સમયમાં વાજપેયી બેંક બેન્ચર ગણાતા હતા પણ નહેરુ બહુ જ ખંતપૂર્વક વાજપેયી દ્વારા ઉઠાવાતા મુદ્દાઓને સાંભળતા હતા.

બાબરી મસ્જીદ તોડનારા સામે આવે...

અયોધ્યા મામલા પછી વાજપેયીએ લોકસભામાં જે ભાષણ આપ્યું હતું તે કોઈ રાજનેતા આપી શકે નહીં. તેમણે કહ્યું હતું કે જે લોકોએ બાબરી મસ્જીદ તોડવામાં હિસ્સો લીધો છે તેઓએ સામે આવવું જોઈએ અને જવાબદારી લેવી જોઈએ. તેઓ તેમના ભાષણોમાં એવા શબ્દોનો પ્રયોગ કરતા હતા કે બીજા નેતાઓને થોડા સમય પછી સમજાતું હતું. વિષય બહુ કઠીન હોય તો તેઓ કહેવતો અને કાવ્યોથી તેને સરળ બનાવી દેતા હતા. સાંભળતા વ્યક્તિને લાગે કે વાજપેયી કોઈ નવી વાત કહી રહ્યાં છે.

ઇન્દિરાજી મને હિટલર કેમ કહો છો...

૧૯૭૧ની એક સભામાં વાજપેયીએ કહ્યું હતું કે ઈન્દિરા ગાંધી મારી તુલના હિટલર સાથે કરે છે. એક વખત તેમણે ઈન્દિરાને પૂછ્યું કે-- મારી તુલના હિટલર સાથે કેમ કરો છો... તો ઈન્દિરાએ જવાબમાં કહ્યું કે-- તમે બાંહ્યો ચઢાવીને સભાઓમાં બોલો છે એટલે તમારી હિટલરથી કરૂં છું. આ સમયે વાજપેયીએ કહ્યું કે-- શું હું તમારી જેમ પગ ઉઠાવીને ભાષણ કરૂં... આ તેમના વ્યંગની રીત હતી. આ વ્યંગથી તેમનું ભાષણ રોચક બની જતું હતું. આ સાથે ગંભીર મુદ્દાઓ પણ હતા. ચિંતા પણ હતી જે કોઈપણ રાષ્ટ્રીય નેતાના ભાષણમાં હોવી જોઈએ.

યુએનમાં આપેલું ભાષણ વખણાયું હતું....

૧૯૭૭માં યૂએનમાં તેમણે આપેલું ભાષણ ખૂબ મશહૂર થયું હતું. તેમણે કહ્યું હતું કે સમગ્ર સંસાર એક પરિવાર છે. હું રાષ્ટ્રોની સત્તા અને મહત્તા અંગે વિચારતો નથી. આમ આદમીની પ્રતિષ્ઠા અને પ્રગતિ મારા માટે ખૂબ મહત્વની છે. રંગભેગ દૂર થવો જોઈએ. ભારત તમામ દેશો સાથે મિત્રતા ઈચ્છે છે અને કોઈપણ દેશ ઉપર પ્રભુત્વ સ્થાપિત કરવા માગતો નથી. પોખરણ પરમાણું પરિક્ષણ પછી આપેલું વક્તવ્ય પણ વખણાયું હતું. વાજપેયીએ કહ્યું હતું કે દેશની રક્ષા માટે આત્મનિર્ભર હોવું જરૂરી છે.

અવિશ્વાસ પ્રસ્તાવ આજે પણ લોકો યાદ કરે છે...

પાર્લામેન્ટમાં અવિશ્વાસ પ્રસ્તાવ પર વાજપેયીએ જે પ્રવચન કર્યું હતું તેને આજે પણ નેતાઓ યાદ કરે છે. તેમણે કહ્યું હતું કે આ સંસદમાં એક એક વ્યક્તિ પાર્ટી છે અને તેઓ અમને દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. આવી પાર્ટીઓનો દેશની સેવા કરવાનો ઈરાદો અલગ છે. તેઓ તેમના રાજ્યમાં અલગ હોય છે પરંતુ દિલ્હી આવીને બીજી પાર્ટીથી હાથ મિલાવે છે. અમારી પાસે નંબર નથી પણ અમે સૌથી મોટી પાર્ટી છીએ. અમે સંસદ ચાલે તેમાં મદદ કરીશું. કોંગ્રેસના નેતાઓને બુદ્ધિપૂર્વક કટાક્ષ કરી વાજપેયી જનતાને ખુશ કરી દેતા હતા. કોંગ્રેસના નેતાઓની વચ્ચે બેસીને ભોજન પણ તેઓ કરતા હતા. ચૂંટણી પ્રચારમાં ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીની હસતા હસતા મજાક પણ કરી લેતા હતા.

વડાપ્રધાન બન્યા પછી વાજપેયીએ નહેરૂની તસવીર પાછી લગાવી, વિદેશ નીતી બદલી નહીં

જવાહરલાલ નહેરૂના શબ્દો સાચા પડ્યા...

સભામાં નહીં સંસદમાં ભાષણની તૈયારી કરતા હતા...

વાજપેયીના અંગત સચિવ શકિત સિન્હા કહેતા હતા કે સાર્વજનિક ભાષણ માટે વાજપેયી કોઈ ખાસ તૈયારી નહોતા કરતા પરંતુ લોકસભાના ભાષણ માટે તેઓ ખૂબ તૈયારીઓ કરતા હતા. સંસદના પુસ્તકાલયમાંથી પુસ્તકો, પત્રિકાઓ અને છાપાંઓ મંગાવીને વાજપેયી મોડી રાત સુધી પોતાનાં ભાષણો પર કામ કરતા હતા. તેઓ પૉઈન્ટ્સ બનાવતા અને તેમની પર વિચાર્યા કરતા. તેઓ સમગ્ર ભાષણ ક્યારેય નહોતા લખતા પરંતુ તેમને ખબર રહેતી કે આગલા દિવસે લોકસભામાં શું-શું બોલવું છે. જો કે ચૂંટણીની જનસભામાં વાજપેયી લખેલું વાંચતા ન હતા.

એલ. કે. અડવાણીની નિખાલસ કબૂલાત...

અટલ બિહારી વાજપેયીના અંગત મિત્ર લાલકૃષ્ણ અડવાણીએ એક વખત બીબીસીને જણાવ્યું કે અટલજીના ભાષણોથી તેઓ હંમેશાં લઘુગ્રંથિથી પિડાતા હતા. અડવાણીએ જણાવ્યું હતું, જ્યારે અટલજી ચાર વર્ષ સુધી ભારતીય જનસંઘમાં રાષ્ટ્રીય અધ્યક્ષ હતા ત્યારે તેમણે મને અધ્યક્ષ બનાવવાની દરખાસ્ત કરી હતી. મેં એવું કહીને ના પાડી દીધી હતી કે મને તેમની જેમ ભીડ સામે ભાષણ આપતા નથી આવડતું. તેમણે કહ્યું કે સંસદમાં તો તું સારું બોલે છે. મેં કહ્યું કે સંસદમાં બોલવું અને ભીડ સમક્ષ બોલવું અલગ બાબત છે. ત્યારબાદ હું પક્ષમાં અધ્યક્ષ બન્યો પરંતુ મને આજીવન અફસોસ રહ્યો કે હું તેમની જેમ ભાષણ ન આપી શક્યો.

શરમાળ પ્રકૃત્તિના કારણે લોકોને સાંભળતા હતા...

રસપ્રદ બાબત એ છે કે હજારોની ભીડ સામે ભાષણ આપનાર વાજપેયી અંગત જીવનમાં અંતર્મુખી અને શરમાળ હતા. જો ચાર-પાંચ લોકો તેમને ઘેરી વળ્યાં હોય, તો તેઓના મુખમાંથી ખૂબ ઓછા શબ્દો નીકળતા હતા. પરંતુ તેઓ બીજાની વાત કાળજીપૂર્વક સાંભળતા અને સમજી વિચારીને તેનો જવાબ આપતા. એક-બે મિત્રો સાથે તેઓ ખુલ્લીને ચર્ચા કરતા હતા. મણીશંકર ઐયરે લખ્યું હતું કે વાજપેયી પહેલીવાર ૧૯૭૮માં વિદેશમંત્રી તરીકે પાકિસ્તાન ગયા, ત્યારે તેમણે શુદ્ધ ઉર્દૂમાં ભાષણ આપ્યું હતું. તે સમયે પાકિસ્તાનના વિદેશ મંત્રી આગા શાહી હતા. ચૈન્નઈમાં જન્મવાને કારણે તેમને વાજપેયીની શુદ્ધ ઉર્દૂ સમજાઈ નહોતી. એક વખત નવાઝ શરીફ ન્યૂયૉર્કમાં વાજપેયી સાથે વાતો કરી રહ્યા હતા. થોડીવાર બાદ શરીફને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરવાની હતી. તેમને એક કાપલી મોકલવામાં આવી કે હવે વાતચીત બંધ કરવામાં આવે જેથી કરીને તેઓ ભાષણ માટે જઈ શકે. કાપલી વાંચીને શરીફે વાજપેયીને કહ્યું, 'ઇઝાઝત હૈ...' શરીફ થોભ્યા અને ફરીથી કહ્યું, 'આજ્ઞા હૈ...વાજપેયીએ હસતા જવાબ આપ્યો કે, ઇઝાઝત હૈ...

એક પત્રકારના સ્કૂટર પર બેસી ગયા...

જાણીતા પત્રકાર અને અનેક અખબારના સંપાદક રહેલા એચ. કે. દુઆ કહે છે-- એક વાર હું મારા સ્કૂટર પર એક પત્રકાર પરિષદને કવર કરવા માટે કૉન્સ્ટિટ્યૂશન ક્લબ જઈ રહ્યો હતો. આ પરિષદને અટલ બિહારી વાજપેયી સંબોધિત કરવાના હતા. હું એ જમાનામાં યુવાન રિપોર્ટર હતો. રસ્તામાં મેં જોયું કે જનસંઘના અધ્યક્ષ વાજપેયી એક ઑટો રોકવાનો પ્રયાસ કરી રહ્યા હતા. મેં સ્કૂટર ધીમું કરીને વાજપેયીને ઑટો રોકાવવાનું કારણ પૂછ્યું. તેમણે કહ્યું કે તેમની કાર ખરાબ થઈ ગઈ છે. મેં કહ્યું કે તમારી ઈચ્છા હોય તો મારા સ્કૂટર પર આવી શકો છો. વાજપેયી મારા સ્કૂટર પર પાછળ બેસીને પત્રકાર પરિષદ સંબોધિત કરવા માટે આવ્યા હતા. અમે જ્યારે ત્યાં પહોચ્યા તો જગદીશ ચંદ્ર માથુર અને જનસંઘના કેટલાક નેતાઓ અમારી રાહ જોઈ રહ્યા હતા. માથુરે અમને જોતા જ મજાક કરી ×કાલે એક્સપ્રેસમાં છપાશે વાજપેયી રાઈડ્સ દુઆસ સ્કૂટર× વાજપેયીએ હસતા હસતા જવાબ આપ્યો ના હેડલાઈન હશે ×દુઆ ટૅક્સ વાજપેયી ફોર રાઈડ.

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

રિક્ષા માટે ઉભા પણ ના મળી એટલે પત્રકારના સ્કૂટર પર બેસી કોન્ફરન્સ સ્થળે પહોંચી ગયા

કિંગશુક નાગ પોતાના પુસ્તક 'અટલ બિહારી વાજપેયી : અ મૅન ફૉર ઑલ સીઝન'માં લખે છે કે એક વખત નહેરુએ ભારત પ્રવાસ પર આવેલા બ્રિટિશ વડાપ્રધાન સાથે વાજપેયીની મુલાકાત કરાવતા કહ્યું હતું, 'આમને મળો, આ વિપક્ષના ઊભરી રહેલા યુવા નેતા છે. હંમેશાં મારી ટિકા કરે છે. પણ એમનામાં ભવિષ્યની ભારે સંભાવના છે.' તો વધુ એક વિદેશી મહેમાનને નહેરુએ વાજપેયીની ઓળખ સંભવિત ભાવી વડા પ્રધાનના રૂપે પણ કરી હતી. સામે પક્ષે વાજપેયીના મનમાં પણ નહેરૂ ઉપર ભારે સન્માન હતું. ૧૯૭૭માં વાજયેપી વિદેશ મંત્રી બન્યા હતા. તેમની ઓફિસ સાઉથ બ્લૉક સ્થિત હતી જ્યાં અંદર દિવાલ પર નહેરુની તસવીર ગાયબ હતી. વાજપેયીએ તાત્કાલિક તેમના સચિવને પૂછ્યું કે અહીં દિવાલ પર નહેરૂની તસવીર હતી એ ક્યાં છે? વાજપેયીએ આદેશ આપ્યો કે એ તસવીર ફરીથી એ જગ્યાએ લગાવવામાં આવે જ્યાં તે હતી. વાજપેયી એ ખુરશી પર બેઠા જ્યાં નહેરુ બેસતા હતા. ત્યારબાદ તેમના મોઢામાંથી નીકળ્યું, 'ક્યારેય વિચાર્યું પણ નહોતું કે એક દિવસ આ રૂમમાં બેસીશ.' વિદેશમંત્રી બન્યા બાદ તેમણે નહેરુની વિદેશ નીતિમાં કોઈ ખાસ્સો બદલાવ કર્યો ન હતો.